

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સૂઝતી નથી ક્યાંય ચૂંટણી, 'વિકાસ' નવરો છે,*
*લાગતું નથી દિલ સંસદમાં 'મંચ' નવરો છે,*
*નવરો છે શબ્દકોશ આરોપો ને ગાળાગાળીનો -*
*ભીડ ભેગી કરનારા દલાલો પણ નવરા છે...*

### હાઈકુ

*સૂઝતું નથી,*
*સંપીને લડવાનું -*
*સમસ્યા સામે...*
*(અંદરોઅંદર ને બદલે)*

*દિવાલો તોડો*
*સંકુચિતતા ની,*
*ઐક્ય ને જોડો...*
*(રાષ્ટ્રીય પ્રવાહની નદી જોડો)*

### ચિંતન

***પરીક્ષ્યતાર્યા વિપતિઃ***

**ઉપરોક્ત સૂત્ર ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**હાથમાં લીધેલા કાર્યના માર્ગમાં આવનારી સંભવિત વિપત્તિઓ, સંભવિત વિઘ્નોનો પહેલેથી વિચાર કરી, એનું કુશળતાપૂર્વક નિરાકરણ કરવું જોઈએ. વિચારશીલ વ્યક્તિને વિપત્તિઓ નુકસાન પહોંચાડી શકતી નથી.**

**આપત્તિઓ - મુશ્કેલીઓથી જ જીવનમાં અનુભવ અને સાચો માર્ગ મળે છે. માત્ર સુખ સગવડનું ભૌતિક જીવન, ઉલ્ટું ત્રાસ રુપ અને યાંત્રિક બની જાય છે.**

**આયોજન પૂર્વક અને પર્વાપારની વિચારણા કર્યા પછી જ નિર્ણયો લેવા જોઈએ.**

### સુવિચાર

- સુગંધ ભરી પુષ્પોમાં મધુરતા, માનવોમાં ભરી કંઈક ક્રૂરતા, જાલિમ કહો યા જીવાડનાર, ઈશ્વર છે સૌને સર્જનહાર - **હીરાલાલ પ્રજાપતિ**
- પોતાને સર્વશ્રેષ્ટ સ્થાપિત કરવાનો આ અહંકાર જ પોતાને શ્રેષ્ઠ થતાં રોકે છે - **સુરેસ દલાલ**
- આવતીકાલ અને ગઈકાલની તકરારમાં આજ ફાવી ગઈ, ગઈકાલ આવતીકાલની ચિંતા કરવામાં આજ આવી ગઈ - **બોધી વૃક્ષ**
- અઠવાડિયામાં એક દિવસ, બાકીનાં દિવસ કરતાં જુદી રીતે જીવો, કામના કંટાળામાંથી મુક્ત બનો - **શિવખેરા**
- શંકા એ અપશુકન છે. 'હા' થી મુક્તિ, 'ના' થી બંધન - **ઓશો**
- સાચું બોલવાની હિંમત ભેગી થાય છે, ત્યારે આપણે એકલા શેષ રહીએ છીએ - **રોહિત શાહ**
- આજનું ઔષધ : એક નાની ચમચી ચૂનાનું નિતર્યું પાણી, એક ચમચી મધ, એક ચમચી લીંબુનો રસ અને ચપટી અજમો સાથે ફાકી જવાથી ઉલટી બંધ થાય છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

વર્નર હાઈજનબર્ગ ઓગણીસ વર્ષની વયે શાળામાં કારકુન તરીકે કામ કરતાં હતા. વાંચવાની જ્ઞાનની એમની ઉત્કંઠા એવી હતી કે નવરાશના સમયમાં લાઈબ્રેરીમાંથી પ્રાચીન ગ્રંથો અને ભૌતિકસાસ્ત્રના પુસ્તકો વાંચ્યા કરતા. પરમાણું સંબંધી એમની રુચિને કારણે તેઓ ત્રેવીસમે વર્ષે તો પ્રોફેશર મેક્સ પ્લાંકના સહાયક બની ગયા.

પચીસમે વરસે તેઓ કોપનહેગન યુનિવર્સિટીના લેકચરર બની ગયા. બીજા સાત વર્ષ એમણે પરમાણું અને એની સંરચનામાં સાત વર્ષનું સંશોધન કર્યું, જેના માટે એમને બત્રીસમે વર્ષે ભૌતિકસાસ્ત્રનું નોબલ ઈનામ મેળવ્યું.

એક સામાન્ય કારકુન તરીકે કામ કરતાં વર્નર હાઈજનબર્ગ ખંત, નિષ્ઠા, ઉત્સાહ અને અંતરાત્માના અવાજે નોબેલ ઈનામના વિજેતા બનાવી દીધા.

# અંતે, ઘીના ઠામમાં ઘી પડી રહ્યું

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય જનતા પાર્ટીએ પ્રચંડ પડકારો વચ્ચે પણ ગુજરાતની સત્તા જાળવી રાખી એમાં તમામ યશ નરેન્દ્ર મોદી અને અમિત શાહને આપવાનું વલણ પાર્ટીને મોંઘુ પડ્યું છે. હાઈ કમાન્ડ બની બેઠેલા બેઉ ગુજરાતી નેતાઓ માટે ગુજરાતમાં સરકાર ટકાવવી તે પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતો અને એ માટે એમણે આકાશપાતાળ એક કર્યા હતા. પરંતુ સ્થાનિક કક્ષાએ પાટીદાર ફૅક્ટર પણ ઘણો પેચીદો બની રહ્યો હતો જેમાં મહેસાણા બેઠક પરથી ચૂંટણી લડતા નાયબ મુખ્યમંત્રી સામે પણ એટલો મોટો જ પડકાર હતો. એમની સામે પાટીદાર આંદોલનના એપી સેન્ટરમાંથી જ ચૂંટાવાનો પડકાર આપી પાર્ટીએ દેખીતી રીતે જ એમને પોતાના ભવિષ્ય પર છોડી દીધા હતા. એવી વિપરીત સ્થિતિમાં પણ મત વિસ્તારના લોકોના સહકારને લીધે અને એમને કહેલાં શહેરી વિકાસનાં કામોને લીધે તેઓ ખૂબ સારી લીડ સાથે જીવાભાઈ પટેલ જેવા મોટા ગજાના પાટીદાર આગેવાનને હરાવીને જીત્યા હતા. એમણે છેલ્લા વર્ષો દરમિયાન ઊભી થયેલી પ્રતિકૂળ પરિસ્થિતિમાં સરકારના પ્રવક્તા મંત્રી તરીકે અને પાટીદાર નેતા તરીકે બહુ જ નોંધપાત્ર કામગીરી બજાવી હતી. માત્ર કડવા પાટીદાર સમાજમાં અને તે પણ ઉત્તર ગુજરાત પૂરતી મર્યાદિત વગ ધરાવતા હોવા છતાં પાટીદાર અનામત મુદ્દે ઊભા થયેલા પ્રચંડ આક્રોશ સામે એમણે ધૈર્યપૂર્વક કામ લીધું હતું અને હાર્દિક પટેલના કેટલાક સાથઈઓને પણ એનાથી વિખૂટા પાડવામાં સફલતા મેળવી હતી. એ પહેલા સરદાર પટેલ ગ્રૂપના લાલજી પટેલ જેવા નેતાઓને આંદોલનની ઉગ્ર ભૂમિકામાંથી ખસેડી લઈ એમણે પાટીદાર આંદોલનને મહદંશે ઠંડુ પાડી દેવામાં પણ કસર નહોતી રાખી. વળી આનંદીબેન પટેલની સરકારમાં બીજા નંબરના મંત્રી હતા ત્યારે પણ એમણે પાટીદારો માટેનું પૅકેજ નક્કી કરાવીને તથા સમાજના અને ધાર્મિક પ્રતિષ્ઠાનોના અગ્રણીઓ સાથે બેઠકો યોજીને ગંભીર સમાધાનકારી ભૂમિકા સર્જવામાં સિંહફાળો આપ્યો હતો. આનંદીબેન પટેલની વિદાય પછી એમના સ્વાભાવિક અનુગામી તરીકે નંબર-ટુ એવા નીતિન પટેલને મુખ્યમંત્રીપદનો સંકેત પણ અપાયેલો, જોકે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષે મુખ્યમંત્રી તરીકે વ્યૂહાત્મક રીતે સૌરાષ્ટ્રના પ્રતિનિધિ અને તત્કાલીન પ્રદેશ અધ્યક્ષ વિજય રૂપાણીનું નામ જાહેર કરતાં નીતિન પટેલ ભોંઠપભરી સ્થિતિમાં મુકાઈ ગયા હતા. એમણે સ્વભાવગત ધૈર્ય જાળવી નાયબ મુખ્યમંત્રી પદ સ્વીકારી લીધું હતું અને કડવો ઘૂંટડો ગળી આવી રહેલી વિધાનસભાની ચૂંટણી જીતવા તેમજ પાટીદાર સમસ્યાનું સમાધન બની ગયા હતા. ગત વિધાનસભાની ચૂંટણી વખતે સતત સક્રિય રહી પાટીદાર આંદોલન અને ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર સામે ઝીંક ઝીલનાર નીતિન પટેલને આ નેતાઓએ એમના ટાર્ગેટ બનાવ્યા હોવા છતાં તેઓ પોતાની જ નહીં બલકે ઉત્તર ગુજરાતની અન્ય કેટલીક કઠિન બેઠકો પર વિજય હાંસલ કરવામાં સફળ રહ્યા તે પછી સ્વાભાવિક રીતે જ ફરી એક વાર નવા મુખ્યમંત્રીપદના દાવેદારોમાં એમનું નામ બોલાવા લાગ્યું હતું. અલબત્ત, નીતિન પટેલનો વિશેષ પ્રભાવ ઉત્તર ગુજરાત પૂરતો સીમિત હોવાને કારણે ફરી એક એમને ડેપ્યુટી સી.એમ. પદથી સંતોષ માનવો પડ્યો હતો. પરંતુ આ વખતે એમને અગાઉ અપાયેલા પ્રતિષ્ઠાવાળા વિભાગો પૈકી નાણાં અને શહેરી વિકાસ જેવા વિભાગો અન્ય મંત્રીઓને ફાળવાતાં તેઓ નારાજ થયા છે. આ નારાજગી એમને 'સત્તા' કરતાં 'સ્વમાન' ના મુદ્દે થઈ હોવાનું એમને સ્પષ્ટ બયાન આપ્યું છે. જો પોતાના મૂળ વિભાગો પાછા નહીં સોંપાય તો રાજીનામું આપવા સુધીની ધમકી પણ ઉચ્ચારી છે. જો કે નીતિન પટેલની નારાજગી ૨૦૧૯ની ચૂંટણી સામે છે ત્યારે હાઈકમાન્ડને પોસાય એમ નથી તેથી હાઈકમાન્ડે એમને રાજી કરવા માટે પ્રયાસો શરૂ કરી દીધા છે. નીતિન પટેલને સમર્થન આપી ભાજપ સરકાર તોડવા કોંગ્રેસ અને હાર્દિક પટેલ જેવા ભાજપ વિરોધીઓ ટાંપીએ બેઠા છે. જો કે નીતિન પટેલને મનાવી લેવાયા પછી પણ ભાજપનું પોત બોદું અને પાતળું પડી ગયું છે એ તો સાબિત થઈ જ જશે. હાઈકમાન્ડ માટે આ ખતરાની ઘંટી છે. પરંતુ નીતિન પટેલ જેવા સિનિયર નેતા પક્ષપલટો કરવા કે પક્ષ છોડવા તૈયાર થા એ શક્ય નથી. પાર્ટીને પણ એ રાજીનામું આપી ભાજપ માટે ખતરો પેદા કરે એ પોસાય એમ નથી. પાટીદાર આંદોલનના નેતાઓ તો નીતિનભાઈની પડખે બેસી જ ગયા છે બલકે લાલજી પટેલ જેવા નેતાઓએ તો એમને મુખ્યમંત્રી બનાવવાની માંગણી પણ કરી છે. જો કે નીતિન પટેલમાં બળવો કરીને શંકરસિંહ વાઘેલાની જેમ વખત પૂરતી સત્તા અને લાંબા ગાળાનું નુકશાન વહોરવા જેવી ઉતાવળ કે અણઘડતા નથી, એટલે આખરે ઘીના ઠામમાં ઘી જ રહ્યું.

# મુસ્લીમ કાયદા પ્રમાણે લગ્નએ કરાર છે :

## "મુબારાત" અને "ખુલા" પ્રથામાં સ્ત્રીઓને અધિકાર આપવામાં આવ્યા છે



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

મુસ્લીમ પર્સનલ લૉ માં ત્રિપલ તલાક જેવા કાયદા હોઈ સ્ત્રીઓને કોઈ અધિકાર જ નથી. મુસ્લીમ કાયદાની વિશાળ છણાવટ કરતા મુસ્લીમ કાયદા પ્રમાણે લગ્નએ કરાર છે તેને પવિત્ર કરાર માનવામાં આવે છે પરંતુ હિન્દુ કે ક્રિશ્ચિયન કાયદા પ્રમાણેએ સંપૂર્ણ ધાર્મિક ઉજવણી નથી આ કરારમાં પણ જો સ્ત્રીને લગ્નનો અંત લાવવો હોય તો જોગવાઈ છે.

મુસ્લીમ લગ્ન કરારમાં મોટાભાગે માનવીય મૂલ્યોનું ધ્યાન રાખી પ્રાધાન્ય આપ્યું છે પરંતુ સમયાંતરે જયારે તેનું અર્થઘટન અલગ અલગ રીતે લોકોએ પોતાના સ્વાર્થ પ્રમાણે કરેલ છે ત્યારે એક જ બાબતનું અર્થઘટન અલગ અલગ રીતે થાય છે જે સમાજ રચનાની પરિસ્થિતિ બગાડે છે અને સમાજ રચના ટકાવી રાખવા માટે કાયદાનો સહારો લેવામાં આવે છે ત્યારે કાયદાનો ચુસ્ત અમલ જરૂરી બને છે.

ઈસ્લામમાં તલાક પ્રથાને દુષ્ટ ગણવામાં આવે છે પરંતુ કુદરતી પ્રેમ અને લાગણી જ ના હોય, પરસ્પર આકર્ષણ ના હોય અને સાથે રહેવું અશકય હોય ત્યારે અલગ થવું એ જ શ્રેષ્ઠ ઉપાય છે જેને સરીયતના કાનૂને પણ માન્યતા આપી છે જેને સર્વ સ્વીકૃતી મળેલ છે.

મુસ્લીમ લૉ તથા પર્સનલ બોર્ડમાં પરસ્પર છૂટા થવા માટે બે પ્રથા અમલમાં છે (૧) "ખુલા" અને (૨)"મુબારાત".

"ખુલા"એ લગ્ન કરારમાંથી મુક્તિ છે જયારે મુબારાત એ લગ્નમાંથી પરસ્પર મુક્તિની પ્રક્રિયા છે.

ખુલામાં પત્ની તરફથી દરખાસ્ત કરવામાં આવે છે અને પતિ તરફથી તેની સ્વીકૃતિ આપવામાં આવે છે. ખુલાનામાના અમલ પ્રમાણે પત્ની તરફથી રજુ થયેલી દરખાસ્ત પતિ દ્વારા સ્વીકાર કરાયા બાદ એ રદ ન થઈ શકે કે મોકુફ ન રહી શકે.

"મુબારાત" શબ્દનો અર્થ એક બીજામાંથી મુક્ત થવું એવો થાય છે જેમાં પતિ પત્ની પોતાની ઈચ્છા અને સમજથી લગ્નના કરારનો અંત આણે છે અને લગ્નથી છૂટા પડવાની દાદ મેળવે છે.

મુબારાતમાં અલગ થવા માટેની દરખાસ્ત બે માંથી એક પક્ષ એટલે કે પતિ અથવા પત્નીમાંથી કોઈપણ એક કરી શકે છે અને પરસ્પર બન્નેની સમંતી હોય છૂટા થઈ શકે છે. પતિ, પત્ની બન્ને વચ્ચે એક બીજા પ્રત્યે અનહદ અણગમો હોય સાથે જીવવું શકય જ ના હોય ત્યારે અલગ થવાનું પૂરતું કારણ ઉભું થાય છે.


મુબારાતમાં બન્ને પક્ષે એકબીજાથી મુક્ત થવાનો આનંદ હોય છે. સુન્ની મુસ્લીમો માટે આ માટે અલગ સ્વરૂપ નક્કિ નથી પરંતુ મુબારાતએ રદ ના થઈ શકે એ પ્રકારનો લગ્નનો અંત છે એ માટે બન્નેની સ્થીર માનસીકતા હોય, વિચારશક્તિ હોવી જોઈએ અને એ માટે એક જ જગ્યાએ એક જ સમયે તેનો અમલ થવા કરાર કરવામાં આવે છે અને પરસ્પર સમંતીથી લગ્ન જીવનનો અંત આણે છે બન્નેની દરખાસ્ત અને હેતુએ સુન્ની મુસ્લીમ લૉ પ્રમાણેના જ હોવા જોઈએ પરંતુ શીયા

**અનુસંધાન પાના નં. ૭ પર**

# આટલાં વર્ષો ગયાં છે આકરાં સંઘર્ષનાં, જોઈએ શું થાય છે આ આવનારા વર્ષમાં

**આટલાં વર્ષો ગયાં છે આકરાં સંઘર્ષનાં,**
**જોઈએ શું થાય છે આ આવનારા વર્ષમાં.**

***- અનિલ ચાવડા***






**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

સમય એની ગતિ અનુસાર જ પસાર થાય છે એ બાબતથી આપણે સૌ વાકેફ હોવા છતાં આપણને સતત એવું લાગ્યા કરે છે કે આ વર્ષ કયાં પૂરું થઈ ગયું એનો ખ્યાલ જ ન રહ્યો. ઘણીવાર તો વર્ષ માત્ર નહિ જિંદગી પણ જાણે આ જ રીતે ખૂબ ઝડપથી પસાર થઈ ગઈ હોય તેમ લાગ્યા કરે છે. સારી-નરસી ક્ષણોથી ભરેલું વર્ષ કયારેક ટૂંકું તો કયારેક બહુ લાંબુ પણ લાગ્યું હશે. 'આમ કર્યું હોત તો' અને 'આમ ન કર્યું હોત તો'ની પળોજળ પણ મનમાં કોઈ ખૂણે ટકરાઈ હશે. વર્ષના અંતિમ દિવસે મને નવા વર્ષના પ્રથમ દિવસે ઉત્સાહમાં આવી જઈને કેટકેટલા સંકલ્પો લેવાના વિચારો પણ આવ્યા જ હશે. પણ બધું ફરી એકવાર રાબેતા મુજબ જ ચાલ્યા કરવાનું છે એ બાબત જ સનાતન સત્ય છે. આપણે બધા એકધાર્યા રૂટીનથી કંટાળી જતા હોઈએ છીએ અને માટે જ વચ્ચે વચ્ચે બ્રેક લઈ લેતા હોઈએ છીએ. વર્ષ બદલાવાની પ્રક્રિયા પણ આવા જ એક બ્રેક સમી હોય તેમ નથી લાગતું?

એકધારા રુટીન કે એકધાર્યા જીવનથી કંટાળી જઈએ એ તો સમજાય તેવી બાબત છે પણ પ્રશ્ન ત્યારે ઉદ્ભવે જયારે આપણે સંબંધોથી કંટાળી જઈએ, આપણી આસપાસ રહેતી અંગત વ્યક્તિઓથી કંટાળી જઈએ કે એનાથી પણ આજકાલ બધું છડેચોક મોઢામોઢ કહી દેવાનો ટ્રન્ડ યંગસ્ટર્સમાં ખૂબ પ્રચલિત છે. એક પળનો પણ વિચાર કર્યા વિના તેઓ પોતાનો કંટાળો અને અણગમો વ્યક્ત કરી દેતા હોય છે અને મોર્ડન હોવાની ચરમસીમા તો ત્યારે અનુભવાય જયારે માતા-પિતાને પોતાના બાળકોથી બ્રેક લેવાની જરૂર જણાય ! 'મમ્મી' કે 'મોમ' બનેલી મોર્ડન યુવતી પોતાની 'મા' બનવાની જવાબદારીથી થાકી ગયાની અને કંટાળી ગયાની ફરિયાદ કરે ત્યારે નવાઈ લાગે! વર્ષ બદલાય એમ વ્યક્તિના મન બદલાય ત્યારે ઘણીવાર ખૂબ વિચિત્ર પ્રકારની પરિસ્થિતિ સર્જાતી હોય છે.

આપણે આપણા રોજિંદા જીવનને અને આપણી દિનચર્યાને એટલી સહજતાથી લઈ રહ્યા છીએ કે જયારે આપણી મરજી કે અનુકૂળતા મુજબનું એકાદ કાર્ય પણ બરાબર ન થાય તો આપણે ઉદ્વેગ અનુભવવા લાગીએ છીએ. આપણે ટીવી પર, સમાચારપત્રોમાં અને મેગેઝીનમાં સમાજમાં બની રહેલા બનાવો વિષે વાંચીએ છીએ અને તેના વિષે ચર્ચા પણ કરીએ છીએ પણ ખરેખર જો એ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવાનો આવે તો શું કરવું એ શિક્ષણનો આપણે ત્યાં સદંતર અભાવ જણાય છે. 'તુમ્હારી સુલુ' હોય કે પછી 'ટાઈગર ઝિંદા હૈ' ફિલ્મોની આ વાર્તાને આપણે જોઈને ભૂલી જઈએ છીએ.એક ક્ષણ માટે પણ આપણે આપણી જાતને એ પ્રશ્ન કર્યો કે આપણીકાલે સવારે ઊઠીએ અને કંઈક અજુગતું બની ગયું તો ? અલબત્ત, અનાયાસે આવી પડતી મુશ્કેલીનો સામનો આપણે ચોક્કસપણે કરીએ છીએ પણ તકલીફ આવતાં પહેલાં જ એ વિષેનો વિચાર કરીને બાળકોને એ માટે તૈયાર નથી કરતા. એ જ રીતે વિમાન દરવખતે દુર્ઘટનાગ્રસ્ત ન થતું હોવા છતાં દરેક હવાઈયાત્રા દરમિયાન દુર્ઘટના થાય તો તેવા સંજોગોમાં શું કરવું એ જણાવવામાં આવે છે તેમ રોજિંદા જીવનમાં પણ આવતીકાલે જ કંઈક અજુગતું કે અઘટિત બની જાય તો શું કરવું એની ચર્ચા કયારેક કયારેક બાળકો સાથે કરતા રહીએ તો તેઓ દુર્ઘટનાનો સંપૂર્ણ શિકાર બનતા અટકી જશે.

જે વર્ષ જતું રહ્યું અને વીતી ગયું તેમાં બની ગયેલી સારી-નરસી ઘટનાઓને આંખ બંધ કરીને એકવાર ફરીથી મનમાં વાગોળી લઈએ તો તેમાંથી ઘણું નવું જાણવા તેમ જ શીખવા મળે. આવનારા વર્ષ માટે મોટા-મોટા સંકલ્પો લેવાની કે બધુ મોટા પરિવર્તન આણવાની જરૂર હોતી જ નથી. પરંતુ, જે કંઈ બની રહ્યું છે તે સજાગ અને સભાન રહીને અનુભવીએ તો તેમાંથી જ નાના-નાના ફેરફારો કરીને પરિસ્થિતિને વધુ સરળ અને સુગમ બનાવી શકાય છે. જીવનમાં ખરો પ્રશ્ન ત્યારે ઉદ્ભવે જયારે કોઈ અંગત વ્યક્તિને ગુમાવવી પડે અને રાતોરાત તમારો દિવસ કે તમારું વર્ષ જ નહિ તમારું જીવન પણ બદલાઈ જાય!

'કંઈક તો ખોવાય છે...
આજે પણ સવારે આંખો ખુલે ત્યારે,
લાગે ઘરમાં કંઈ ખોવાય છે?
આમ તેમ નજર કરું તો લાગે,
નાહવાનો રૂમાલ ખોવાયો કે ઈસ્ત્રીમાં આપેલા કપડાં ખોવાય છે.
નજર પડી તો, ના રૂમાલ કે ના ઈસ્ત્રીમાં આપેલા કપડાં ખોવાયા, પછી ખબર પડી કે એ યાદ કરાવતો અવાજ જ ખોવાય છે.'

આજથી શરૂ થયેલા નવા વર્ષમાં આજથી આ કરવું ને આ ન કરવું ના લિસ્ટની સાથે એક લિસ્ટ એવું પણ બનાવીએ કે જેમાં આ સંબંધને થોડો વધુ સમય આપવો અને આ સંબંધ કયાંય દૂર ખોવાઈ ગયો છે તેને જતનપૂર્વક પાછો કેળવી લઈશું એવો સંકલ્પ કરીએ. આવનારી તકલીફોનો સામનો પણ કઈ રીતે કરીશું એનો એક આગોતરો જ બેક-અપ પ્લાન તૈયાર કરીએ. વધુમાં વધુ સમય મનગમતી પ્રવૃત્તિ અને મનગમતી વ્યક્તિને આપીએ વર્ષને નવું બનાવવાના પ્રયાસો કરતાં જે છે તેને જ એકધાર્યું જાળવી શકીએ તો તે વધુ સુગમ બની રહેશે.

**"એક પણ સંકલ્પ નૈં એવોય કયાં સંકલ્પ લઉં !**
**હું મને શું કામ બાંધું કોઈ પણ આદર્શમાં ?"**

***- અનિલ ચાવડા***

**Last Seen**

**કોઈને કોઈનાથી કમજોર સમજવાની ભૂલ ન કરશો,**
**તમારી નજર સામે એક એક દિવસે મળીને વર્ષ બદલી નાખ્યું.**

*- (Whatsapp Forwerded by Pulak Trivedi)*

**- nehalgadhavi101@gmail.com**

# જ્ઞાતિ-જાતિવાદને ખીલવતી ગુજરાત વિધાનસભાની ચૂંટણી



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પતી અને હાશકારો અનુભવાયો.ચૂંટણીમાં ઉડીને આંખે વળગે એવી વાત તો એ છે કે જ્ઞાતિવાદ અને જાતિવાદનું ભૂત ફરીને ખૂબ ધૂણ્યું. હકીકતમાં તો જ્ઞાતિવાદ કે જાતિવાદ કે ધાર્મિક ભેદભાવ સ્વતંત્ર ભારતમાં છેક ૧૯૫૧-૫૨માં પહેલી ચૂંટણી યોજાઈ ત્યારથી આજ લગીની ચૂંટણીઓમાં ક્યારેય દૂર થયા નથી. ઉમેદવારો નક્કી કરતી વેળા હવે તો કઈ જ્ઞાતિ, જાતિ કે કોમના કેટલા મત, કયા મતવિસ્તારમાં છે અને જે તે જ્ઞાતિ, જાતિ કે કોમનો કયો ઉમેદવાર જીતી શકે તેમ છે; એનો વિચાર કરીને જ ઉમેદવાર પસંદ થાય છે. આ

- **૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટેની તૈયારી અને વિપક્ષના પડકારને પહોંચી વળવા એકંદરે સમતોલ પ્રધાનમંડળ**
- **માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિરોધ છતાં જ્ઞાતિઆધારિત વસ્તીગણતરી ૨૦૧૧ને ભાજપે ટેકો આપ્યો હતો**

વખતે હાર્દિક પટેલના નેતૃત્વવાળું પાટીદાર અનામત આંદોલન,અલ્પેશ ઠાકોરના નેતૃત્વમાં ઠાકોર-અન્ય પછાત વર્ગો (ઓબીસી)નું આંદોલન અને જીજ્ઞેશ મેવાણીના નેતૃત્વમાં દલિત આંદોલન થકી રાજ્યમાં એક પ્રકારની પ્રકારની જાગૃતિ આવી.સત્તાપક્ષ ભાજપ તરફથી એમનો સહયોગ મેળવવાના પ્રયાસો ઝાઝા સફળ ના રહ્યા અને કોંગ્રેસને એમનો ટેકો મળ્યો, એટલે એમને જ્ઞાતિવાદી કે જાતિવાદી તથા ભાગલાવાદી ગણાવી દેવાયા. મૂળ જ્ઞાતિવાદ-જાતિવાદના દર્દનો ઈલાજ કરવાને બદલે રાજકીય આક્ષેપ-પ્રત્યાક્ષેપ ખૂબ ચાલતા રહ્યા.ગુજરાતમાં મુખ્ય મંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલના નેતૃત્વમાં સરકાર રચાઈ. એમાં પણ જ્ઞાતિવાદી સમીકરણોને સમતોલ કરીને વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટેની વ્યૂહરચના ઘડવામાં ભાજપની નેતાગીરીએ સફળતા મેળવી છે.લઘુમતી જૈન સમાજના સર્વામિત્ર લેખાતા મુખ્ય મંત્રીના વડપણ હેઠળની રાજ્ય સરકારમાં ૬ ઉજળિયાત પટેલ (ઓબીસી અને આદિવાસીમાં પણ પટેલ અટક હોય છે,મુસ્લિમોમાં પણ અને કચ્છમાં તો દલિતોમાં પણ ! ) તથા ૬ ઓબીસીના પ્રતિનિધિ સામેલ કરાયા છે.કુલ ૨૦ પ્રધાનોમાં રાજ્યના કુલ ૩૩માંથી માત્ર ૧૪ જિલ્લાને પ્રતિનિધિત્વ મળ્યું. ૩ રાજપૂત, ૨ આદિવાસી, ૧ દલિત અને ૧ બ્રાહ્મણ સહિતની સરકાર રાજ્યના ઠરેલ અનુભવી અને યુવાન એમ બેઉ પ્રકારના પ્રધાનોના સમાવેશથી કામ કરતી સરકાર તરીકે કામે વળશે. મજબૂત વિપક્ષના વિધાનસભા ગૃહમાં અને બહાર પણ પડકારોને પહોંચી વળવા રાજ્ય સરકાર કટિબદ્ધ લાગે છે.પ્રધાનમંડળનું વિસ્તરણ કરીને વધુ ૭ પ્રધાનોનો સમાવેશ કરી શકવા ઉપરાંત સંસદીય સચિવો તથા પક્ષના માળખામાં અમુક ધારાસભ્યોને જોતરીને માંડ દોઢ વર્ષ પછી આવનાર લોકસભાની ચૂંટણી માટે આક્રમક તૈયારી થશે.

**ધારાગૃહોમાં અનામતનાબૂદી ઝુંબેશ**

ગુજરાતમાં સંખ્યાબંધ સરકારી કર્મચારીઓ અનુસૂચિત જાતિનાં ખોટાં પ્રમાણપત્રો સાથે નોકરી કરી રહ્યા હોવા છતાં એમણે દૂર કરવાનું લગભગ અશક્ય બની ગયું હોવાનું રાજ્ય સરકારના સામાજિક ન્યાય વિભાગના નિવૃત્ત અધિક મુખ્ય સચિવ અને પછીથી સત્તાપક્ષના ધારાસભ્ય રહેલા રજનીકાંત પટેલે જણાવ્યું હતું.વાત આટલે અટકી હોત તો સારું.રાજ્યમાં આદિવાસી અનામતના ૧૫ ટકા જેટલા પ્રમાણમાં ભાગ પડાવવા માટે મોટા પ્રમાણમાં બિન-આદિવાસી કોમના લોકો આદિવાસી તરીકેનું પ્રમાણપત્ર મેળવીને નોકરી કરે છે. એસ.ટી. માટેની અનામત મોરવાહડફ વિધાનસભા બેઠક પર ભાજપના પરાજિત ઉમેદવાર વિક્રમસિંહ ડિંડોરે તો ચૂંટાયેલા કોંગ્રેસના બળવાખોર અપક્ષ ઉમેદવાર ભૂપેન્દ્રસિંહ વેચાત ખાંટ આદિવાસી નહીં હોવાનું જણાવ્યું. એમના સગાભાઈ ગોવિંદ વેચાત ખાંટ તાલુકા પંચાયતમાં ઓબીસી અનામત બેઠકના ચૂંટાયેલા સભ્ય હોવાનું ડિંડોર દર્શાવે છે.અગાઉ પણ આદિવાસી બેઠક પરના કેટલાક ધારાસભ્ય વિશે આવી વાત થઈ હતી. ભારતીય બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેડકરના પૌત્ર અને પૂર્વ સાંસદ એડવોકેટ પ્રકાશ ઉર્ફે બાળાસાહેબ આંબેડકર તો સંસદ અને ધારાસભામાંથી એસ.સી. અને એસ.ટી. માટેની અનામત બેઠકો રદ કરવા માટેની ઝુંબેશ ચલાવી રહ્યા છે, પણ ભાજપ કે કોંગ્રેસ સહિતનો કોઈપણ પક્ષ એને ટેકો આપતો નથી. જ્ઞાતિવાદ અને જાતિવાદ તથા કોમવાદ દૂર કરવાને બદલે એને મજબૂત કરવાનું રાજકારણ ખેલવામાં બધા શૂરા છે.

**નવી વિધાનસભાનું જ્ઞાતિ-સ્વરૂપ**

વર્ષ ૨૦૧૨માં કુલ ૧૮૨ સભ્યોની વિધાનસભામાં ભાજપને ૧૧૫ બેઠકો મળી હતી.આ વખતે ૯૯ જ મળી. લુણાવાડાના ચૂંટાયેલા કોંગ્રેસી બળવાખોર અપક્ષ ધારાસભ્યે ભાજપને ટેકો આપતાં ૧૦૦ બેઠકો થાય. કોંગ્રેસને ગઈ વખત ૬૧ બેઠકો મળી હતી.આ વખતે તેને ૭૭ મળી.તેના મોરચામાં છોટુ વસાવાની ટ્રાયબલ પાર્ટીના ૨ અને અપક્ષ જીજ્ઞેશ મેવાણી એમ કુલ ૮૦ ઉપરાંત મોરવાહડફ બેઠક પર ચૂંટાયેલા પક્ષના જ બળવાખોર સહિત સંખ્યાબળ ૮૧ થાય.રાજ્યસભા ચૂંટણીમાં ભાજપને ટેકો આપનાર એનસીપીના કાંધલ જાડેજા પણ ચૂંટાયા છે. નવી વિધાનસભામાં ગયા વખત કરતાં બે ઓછા પટેલ ચૂંટાયા છે.રાજ્યની ૧૨ ટકા વસ્તી એટલેકે ૭૯,૬૧,૦૬૮ વસ્તી ધરાવતા પાટીદાર સમાજના ૪૫(૧૯ કડવા + ૨૬ લેઉવા)ધારાસભ્યો ચૂંટાયા છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ કડવા પટેલ છે.અનુસૂચિત જનજાતિની ૧૫ ટકા વસ્તી (૯૯,૫૨,૩૩૫)ના પ્રતિનિધિ તરીકે અનામત બેઠકો પર ૨૭ ધારાસભ્યો ચૂંટાયા છે. કુલ ૩૩ બેઠકો આદિવાસીબહુલ છે. અનુસૂચિત જાતિની વસ્તી ૭ ટકા એટલેકે ૪૩,૪૩,૯૫૬ છે અને એના માટે અનામત ૧૩ બેઠકો પર દલિત ધારાસભ્યો ચૂંટાયા છે. અનામત બેઠકોથી વધુ જે તે સમાજના કોઈ ધારાસભ્ય કોઈ બેઠક પરથી ચૂંટાયા નથી.અગાઉ આદિવાસી અનામત બેઠક ઉપરાંત ભીલોડાની જનરલ બેઠક પર કોંગ્રેસના ડૉ.અનીલ જોશિયારા ચૂંટાતા હતા, પણ હવે એ અનામત બેઠક હોવાથી ડૉ. જોશિયારા અહીંથી

**અનુસંધાન પાના નં. ૭ પર**